જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૮/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૧૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૭ કેસ કરી, ૭૨ વ્યક્તિઓને ઝડપી, ૫૧૭ લીટર દેશી દારૂ, ૭૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૮૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૭ બીયર ટીન, ૦૧ રીક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૭૩,૩૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૧૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૧૧૪/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ પૂરનક્રિષ્ન શ્રીરામનારાયણ બંસલ (ઉ.વ.૮૬)(રહે.ગોયલ પેલેસ ગ્રાન્ડ ભગવતી હોટલની બાજુમા બોડકદેવ) એ તા.૦૭/૦૮/૨૦૨૫ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૮/૨૦૨૫ ના રોજ પૂરનક્રિષ્ન બંસલ એ પોતાના મોબાઈલ ફોનની ભીમ એપ્લીકેશન દ્વારા રૂપિયા ૫૦,૦૦૦/– ભુલથી ખાતા નંબર ૧૨૦૦૫૪૮૭૩૭૮૬ થી ૦૧૦૧૦૪૦૦૦૦૬૧૯૪૦ @IBKL 0000010.ifsc.npci માં ટ્રાન્સફર થઈ જતા, તા.૦૪/૦૮/૨૦૨૫ ના રોજ પૂરનક્રિષ્ન બંસલ એ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની બોડકદેવ ચાર રસ્તા બ્રાંચમાં તપાસ કરતા જાણવા મળેલ કે તેમના રૂપિયા ૫૦,૦૦૦/– IDBI BANK ન્યુ દિલ્હીની સીરી ફોર્ટ શાખામાં જતા રહેલ છે. જેથી તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ પૂરનક્રિષ્ન બંસલ એ ગુગુલમાંથી સંપર્ક નંબર ૯૦૦૭૭૯૧૧૨૬ મેળવી કોલ કરી જીતેશકુમાર સાથે વાત કરતા, પૂરનક્રિષ્ન બંસલએ જીતેશકુમારને પોતાના બેંકની તથા ડેબીટ કાર્ડની વિગતો આપતા, રૂપિયા ૯૮,૨૫૯/– ભોજા વિન્ની આનંદ દિનાકરનના ખાતામા તથા રૂપિયા ૯૮,૨૫૯/– મોહમદ રશિદના ખાતામા મળી બે ટ્રાન્ઝીકશન દ્વારા કુલ રૂપિયા ૧,૯૬,૫૧૮/– નુ ટ્રાન્ઝેકશન કરી રૂપિયા મેળવી લઇ, પૂરનક્રિષ્ન બંસલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એલ.એલ.ચાવડા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૧૧૫/૨૦૨૫**

સોલા હાઇકોર્ટઃ વલ્સલાબહેન વા/ઓ સધીસન આરક્કેલ નાયર (ઉ.વ.૬૨)(રહે, વ્રજ રેસીડેન્સી, હંસપુરા ડીમાર્ટ પાછળ, નરોડા) એ તા.૦૭/૦૮/૨૦૨૫ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૬/૨૦૨૫ સવારના ૧૦/૩૦ થી ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન શ્રી વૈષ્ણોદેવી ચાર રસ્તા થી એસ.જી.હાઈ–વે બી.એસ.એન.એલ.ઓફીસ સુધીની શટલ ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલકની મદદગારીથી રીક્ષામાં બેસેલ ચાર પુરૂષોએ ભેગામળી વલ્સલાબહેનની નજર ચુકવી તેમના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સહીત કિમત રૂપિયા ૧,૫૬,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.મિસ્ત્રી ચલાવે છે.

રામોલઃ બાલાભાઈ દલાભાઈ જીતીયા (ઉ.વ.૬૫)(રહે.ગ્રીનપાર્ક ફ્લેટ ન્યુ રીટાનગર વસ્ત્રાલ રામોલ) એ તા.૦૭/૦૮/૨૦૨૫ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૭/૨૦૨૫ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે કાગડાપીઠ ન્યુ ક્લોથ માર્કેટથી રામોલ સીટીએમ ચાર રસ્તા સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલકની મદદગારીથી રીક્ષામાં બેસેલ બે પુરૂષોએ ધક્કા-મુક્કી કરી બાલાભાઇની નજર ચુકવી તેમના થેલામાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૨,૧૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી પ્રભાતસંગ દેવુભાઇ ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયોઃ- **સમાચાર ચાદી નં.૧૧૧૬/૨૦૨૫**

ઘાટલોડીયાઃ શિતલબહેન વા/ઓ અમીતભાઇ ભગત (ઉ.વ.૪૭)(રહે.પારસમણી ટેનામેન્ટ રન્નાપાર્ક પાસે ઘાટલોડીયા) તા.૦૭/૦૮/૨૦૨૫ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે ઘાટલોડીયા રન્નાપાર્ક મંજુશ્રી સોસાયટીના ગેટ નં-૨ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એકટીવા ઉપર આવેલ પુરૂષ શિતલબહેનના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સહીત કિંમત રૂપિયા ૧,૬૧,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ શિતલબહેન ભગત એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર ચાદી નં.૧૧૧૭/૨૦૨૫**

નરોડાઃ નાના ચીલોડા નિલકંઠ ક્રિસ્ટલ ફ્લેટ અમરદિપની બાજુમા ગ્રાઉન્ડ ફ્લોર ખાતે પાર્ટનર શીપમાં "રેઈનબો કિડસ પ્લે સ્કુલ" ચલાવતા (૧) જયપકાશ ભગવાનદાસ પહેલાણી (ઉ.વ.૪૮) (રહે.પાયલપાર્ક સોસાયટી શ્રીનગર સોસાયટી પાસે નયનનગર કૃષ્ણનગર) અને (૨) શાલુ ડૉ/ઓ રાજકુમાર ભાટીયા (ઉ.વ.૪૩) (રહે. કૃષ્ણનગર હાઉસિંગ બોર્ડ પોસ્ટ ઓફિસ સામે કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૮/૨૦૨૫ કલાક ૦૦/૩૦ વાગ્યા પહેલા "રેઈનબો કિડસ પ્લે સ્કુલ" ખાતે છતના ભાગે લોખંડની પાઈપ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઇ બંને એ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.કુંપાવત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી